
## શ્રી ગણેશાય નમઃ

## વ્યાસ પંચાંગ જ્યોતિષ કાર્યાલય બાલાગામ


શાસ્ત્રી અમીતભાઈ જે.વ્યાસ - આચાર્ય હિતેનભાઈ પી.વ્યાસ

ગામ:બાલાગામ, તા:કેશોદ, જિલ્લો: જુનાગઢ, પીન:૩૬૨૨૨૦

મો.નં.૯૯૦૯૪૫૧૯૧૬ (સવારે ૧૦ થી સાંજના ૦૬ સુધી), ઈ-મેઈલ: **help@vyaspanchang.com**


વિક્રમ સંવત ૨૦૮૨નાં પિંગલ સંવત્સરે, શાકે ૧૯૪૭, વિશ્વાવસુ નામ સંવત્સર, ઉતરાયણ-શિશિરઋતુ-દક્ષિણગોળાર્ધ,પૌષ વદ-૧૧ ઉદિત તિથિએ અને કર્મકાલિન-૧૧ તિથિએ,બુધવારે,અનુરાધા નક્ષત્રના ૩જાચરણ(નું),ગંડયોગમાં, બાલવ કરણમાં,ચંદ્ર

રાશિ વૃશ્ચિક હોતા તા.૧૪-૦૧-૨૦૨૬નાં ૧૫:૦૬:૫૯ (એટલે કે તા.૧૪-૦૧-૨૦૨૬ બપોરનાં ૦૩:૦૬:૫૯)કલાકે શ્રી સૂર્યનારાયણ નિરયન મકર રાશિમાં પ્રવેશ કરે છે. આ સમયે સંક્રાંતિનું સ્વરૂપ જોતા:-

સંક્રાંતિનું સ્વરૂપ:- સ્થૂળ દેહ,ચાર ભુજા,લાલ આંખો,ઉંચી દ્રષ્ટિ,લાંબા કાન અને રુંડ માળા ધારણ કરેલ છે.

વાહન :- વાઘ છે,

ઉપવાહન:- અશ્વ(ઘોડો)છે,

વસ્ત્ર:- પીળા વસ્ત્રો પહેરેલ છે.

કંચુકી:- (પાટલ) ગુલાબી

તિલક:- કેશરનું કરેલ છે.

પુષ્પ:- જુઈનું ફૂલ લીધેલ છે.

આભુષણ:- મોતીના પહેરેલ છે,

પાત્ર:- રૂપું છે.

ભક્ષણ:- દૂધપાક ખાય છે.

સંક્રાંતિનાં હાથમાં ફળ:- લાલ

જાતિ:- સર્પ છે

બાલાદી અવસ્થા:- કુમારી છે.

VYAS PANCHANG

પંચાદિ અવસ્થા:- ભોગ

સ્થિતિ:- બેઠેલી છે.

આયુધ:- ગદા લીધેલ છે.

મૂર્તિ:- ૩૦ સમ્યાર્ધ છે.

આગમન:- પૂર્વમાંથી આવે છે.

મુખ:- દક્ષિણમાં છે.

દ્રષ્ટિ:- વાયવ્યમાં છે.

ગમન:- પશ્ચિમ તરફ જાય છે.

નક્ષત્ર વાસ:- મંદાકિની

વારવાસ:- મોહદરી

**સંક્રાંતિનો પુણ્યતમ કાળ:** તા.૧૪-૦૧-૨૦૨૬ નાં ૧૫:૦૭ (બપોરનાં ૦૩:૦૭) થી ૧૬:૫૭(સાંજના ૦૪:૫૭) સુધી છે. (જુનાગઢ મુજબ).

**સંક્રાંતિનો પુણ્યતર કાળ:** તા.૧૪-૦૧-૨૦૨૬ નાં ૧૫:૦૭ (બપોરનાં ૦૩:૦૭) થી સૂર્યાસ્ત સુધી.

**સંક્રાંતિનો પુણ્યકાળ:** તા.૧૪-૦૧-૨૦૨૬ નાં ૧૫:૦૭ (બપોરનાં ૦૩:૦૭) થી સૂર્યાસ્ત સુધી.

VYAS PANCHANG

**સંક્રાંતિનું ફળ :-** સંક્રાંતિ માટે એમ માનવામાં આવે છે કે જે જે વસ્તુઓ તથા વ્યક્તિઓ સાથે સંક્રાંતિ સંબંધ ધરાવે છે તે તે વસ્તુઓ મોંઘી થાય છે તથા તેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે. તે પ્રમાણે તેમજ પીળા રંગના વસ્ત્રો અને પીળી વસ્તુઓ, દૂધ તેમજ દુધની બનાવટો, ચાંદી અને ગદા જેવા હથિયારો મોંઘા થઈ શકે છે.

## મકર સંક્રાંતિમાં બારેય રાશિવાળાઓને નીચે મુજબ દાન કરવું જોઈએ .

**મેષ-સિંહ-ધન :** કાળી વસ્તુઓનું દાન કરવું જેમકે: કાળું કાપડ, અળદ, કાળા તલ, તલનું તેલ, લોખંડનું વાસણ તેમજ રોકડ દક્ષિણા વગેરેનું દાન કરી શકાય.

**વૃષભ-કન્યા-કુંભ :** લાલ વસ્તુઓનું દાન કરવું જેમકે: લાલ કાપડ, ઘઉં, લાલ તલ, તાંબાનું વાસણ, તેલ તેમજ રોકડ દક્ષિણા વગેરેનું દાન કરી શકાય.

**કર્ક-તુલા-મીન :** સફેદ વસ્તુઓનું દાન કરવું જેમકે: સફેદ કાપડ, ચોખા, સફેદ તલ, ઘી, ખાંડ, ચાંદી, સ્ટીલનું વાસણ તેમજ રોકડ દક્ષિણા વગેરેનું દાન કરી શકાય.

**મિથુન-વૃશ્ચિક-મકર :** પીળી વસ્તુઓનું દાન કરવું જેમકે: પીળું કાપડ, ચણાની દાળ, સોનું, પીતળનું વાસણ તેમજ રોકડ દક્ષિણા વગેરેનું દાન કરી શકાય.

મકર સંક્રાંતિમાં તલનું સવિશેષ મહત્વ છે. તેમ દાનનું પણ સવિશેષ મહત્વ છે દાન હંમેશા શક્તિ મુજબ દેવું જોઈએ !

VYAS PANCHANG

## મકર સંક્રાંતિના અંગોનું ફળ

**પક્ષ -કૃષ્ણ :-** ચોર, પાખંડી, ક્રૂરબુદ્ધિવાળા, પ્રાણીઓની હિંસા કરનારા વગેરે મનુષ્યો ને સુખ પ્રાપ્ત થાય.સફેદ કપડાં,ચાંદી અને બધીજ સફેદ ધાતુઓ માં હાની થવા સંભવે તેમજ અનાજ નાં ભાવો માં તેજી-મંદી રહ્યા કરે.

**તિથિ -૧૧ :-** નંદા તિથિ  હોવાથી જેઓ લગ્ન,યાત્રા,ઉપવાસ,યજ્ઞ,દીક્ષા,વગેરે જેવાપ્રસંગો કરવા માટે તૈયાર છે, તેમને થોડો આનંદ મળી શકે છે.

**વાર-બુધવાર :-** ના રોજ આવે છે,તેથી લોકોની બુદ્ધિ હિન્ન રહેવા પામી શકે છે,ખોરાક,કપડા વગેરેનો ભાવ વધી શકે છે .

**નક્ષત્ર-અનુરાધા :-** લોકો દુષ્કાળ વગેરેથી પીડાઈ શકે છે,અને શાસનકર્તા યુદ્ધ અને ભય વગેરેથી પીડા પામી શકે છે.

**યોગ-ગંડ :-**  હોવાથી જગતમાં ભયકારક ઉપદ્રવ થઈ શકે છે.

**કરણ-બાલવ :-** પ્રાણીઓની નુકશાની થાય, સંસારમાં સંકટો ઉત્પન્ન થતા જોવા મળે તેમજ દક્ષિણના દેશોમાં વધારે પડતી મુશ્કેલી ઉત્પન્ન થતી લાગે.

**પ્રહર-ત્રીજું :-** ત્રીજા પ્રહરમાં હોવાથી ધન ધાન્યયુક્ત વૈશ્યોને પીડા, વેપારીઓને નુકશાન અને અનાજના ભાવ સામાન્ય રીતે ઓછા રહેશે.

**કાળ-સમય :-**  દિવસમાં સંક્રાંતિ બેસે જેથી અશુભ ફળની પ્રાપ્તિ થતી જણાય.

**લગ્ન વૃષભ :-** ક્ષેત્ર સન્યાસી તેમજ ભૂમિ થી આજીવિકા પ્રાપ્ત કરનાર જમીનદાર વગેરે ને અને એક જ સ્થાન માં સ્થિર રહેવા વાળા ને કષ્ટ થઇ શકે છે.

VYAS PANCHANG

**ચંદ્ર રાશિ વૃશ્ચિક :-** મોટા ભાગના ધાન્ય રાઈ-જીરું-અજમા વગેરેનો સંગ્રહ કરી એક મહિનાથી ત્રીજા મહિના સુધીમાં વહેંચી દેવાથી લાભ સંભવે; પરંતુ વધારે સંગ્રહવાથીં નુકશાનને પણ નકારી ન શકાય.

**મંડળ-માહેન્દ્ર :-** વરસાદનું પ્રમાણ પુષ્કળ રહે, પરંતુ અનેક પ્રકારના રોગોનો ઉપદ્રવ વધારે થાય.

**નામ-મંદાકિની :-** ધાન્યના ભાવમાં તેજી, રસકસમાં તેજી,કપડાની માંગ વધારે રહે,કપાસની હાનિ,લોકોમાં અજ્ઞાત ભય રહેવા પામે.

**મુખજ્ઞાન વાર મુજબ-દક્ષિણ :-** દક્ષિણ દિશા માટે અશુભ, ઉત્તર દિશા માટે શુભ અને અન્ય દિશા માટે સાધારણ સમજવું.

**મુખજ્ઞાન કરણ મુજબ-દક્ષિણ :-** દક્ષિણ દિશા માટે અશુભ, ઉત્તર દિશા માટે શુભ અને અન્ય દિશા માટે સાધારણ સમજવું.

**ગમન જ્ઞાન વાર મુજબ-પશ્ચિમ :-** પશ્ચિમના દેશોમાં શાસન કર્તાઓને યુદ્ધની ચિંતા,લોકોમાં અશાંત, ઉત્તરીય દેશોમાં ભય રહે,દક્ષિણના દેશોમાં ખુશી અને અનાજના નીચા ભાવની ચિંતા રહેશે.

**ગમન જ્ઞાન કરણ મુજબ-પૂર્વ :-** પૂર્વના શાસન કર્તાઓમાં અંદરો અંદર ઝગડાઓ, પ્રજાને કષ્ટ અને ઇશાન કોણીય દેશોમાં ભય ઉત્પન્ન થતો જણાય.

**દ્રષ્ટિ જ્ઞાન વાર/અન્ય મત મુજબ-વાયવ્યમાં :-** ઉત્તર તથા પશ્ચિમના દેશોમાં દુઃખ તથા પૂર્વના દેશોમાં યુદ્ધ વગેરેનો ભય અને દક્ષિણના દેશોમાં સારા પાકની ખુશી વગેરે રહી શકે અને તે સુખી થાય.

VYAS PANCHANG

**વાહન-વાઘ :-** શાસન કર્તાઓમાં એકબીજામાં વિચાર ભિન્નતા, ખેડૂતોને દુ:ખ, ચાર પગવાળા પશુઓનો નાશ અને પ્રાણીઓની હિંસા કરનારાઓમાં વધારો થાય.

**ઉપવાહન-અશ્વ :-** યુદ્ધ વિગ્રહ, ક્ષત્રિયોને(રાજકર્તાઓ) કષ્ટ એટલે કે દુઃખ થાય, ઘોડાઓની હાની અને વેપારમાં વધારો થાય.

**વસ્ત્ર-પીળા :-** સ્ત્રીઓને પ્રસુતિમાં સ્ત્રી સંબંધિત રોગોથી પીડા થાય, નાના બાળકો તથા તેની માતાઓને પીડા થવા સંભવે, કેસર-કેસુડા-કેસર-હળદર વગેરે પીળી વસ્તુઓનાં ભાવ વધે અને તેના વેપારીઓમાં પીડા રહેવા પામે.

**કંચુકી- પાત્ર:-** પાટલ (ગુલાબી) ગુલાબી વસ્તુઓનાં ભાવમાં વધારો થાય.

**તિલક- કંકુ(કેસર) :-** મનુષ્યોને પીડા, સૌભાગ્યવતી સ્ત્રીઓને કષ્ટ, કેસર, હળદર વગેરે પીળી વસ્તુઓનો ભાવ તેજ રહે અને આ વસ્તુઓના વેપારીઓને ભય જણાય.

**પુષ્પ- જાઈ(ચમેલી) :-** જુઈનાં પુષ્પનું ઉત્પાદન ઓછું થાય તેમજ તેમનાથી આજીવિકા કરતા લોકોને કષ્ટ રહે.

**આભુષણ- મોતી :-** મોતીનું ઉત્પાદન ઘટવા પામે તેમજ તેમનાથી આજીવિકા કરતા લોકોને માટે કષ્ટ રહે.

**ભોજનપાત્ર-રૂપું :-** ચાંદીના ભાવ વધવાપાત્ર થાય, તેમનાથી આજીવિકા કરતા લોકોને માટે કષ્ટ રહે.

VYAS PANCHANG

**ભક્ષ્ય પદાર્થ- ખીર :-** દૂધ-દહીં-ઘી વગેરે પદાર્થ નો ભાવ વધે, અનાજમાં વધારો થાય, લોકોને સંતોષ થાય, વેપારમાં પ્રગતિ થાય અને અમીર વગેરે દેશોમાં તથા ગાયોથી આજીવિકા કરનારને પીડા થાય.

**આયુધ- ગદા :-** રાજાઓને કષ્ટ, લોકોમાં ચિંતા, દક્ષિણના દેશોમાં ભય, કલિંગ તથા બંગ દેશમાં ઉપદ્રવ અને તુરક દેશમાં આનંદ થાય.

**વય-કુમારી :-** કુમારીકાઓ ને પીડા રહે, મુશ્કેલીનું નિર્માણ થતું જણાય.

**જાતિ-સર્પ :-** શુદ્ર વર્ણના લોકોને પીડા અને દુઃખ થાય.

**પંથાદિ અવસ્થા-ભોગ :-** ભોગ વિલાસ માં રચ્યા-પચ્યા લોકો ને માટે કષ્ટ.

**અવસ્થા-બેઠેલી :-** આંખોનો રોગચાળો વધે તેમજ અતિસાર ની પીડા રહે, રાજકર્તાઓ માટે કષ્ટ દાયક સ્થિતિ નિર્માણ થતી જણાય, બ્રાહ્મણો માટે પીડાદાયક, ચારપગવાળા પશુ દુઃખી થાય, વરસાદ મધ્યમ રહે તેમજ ધાન્યનો ભાવ એકંદરે સાધારણ (મધ્યમ) રહે.

**મૂર્તિ- ૩૦ સામ્યાર્ધ (સમધારણ):-** વરસાદ મધ્યમ રહે, ધાન્યનું ઉત્પાદન સાધારણ થાય, ઘાસ તથા રસાદિ સામગ્રીના ભાવો મધ્યમ રહે.

## મકરસંક્રાંતિનું કર્તવ્ય

મકરસંક્રાંતિ માટે કહેવાય છે કે, સૂર્ય સંક્રાંતિના દિવસે જે મનુષ્ય સ્નાન કરતો નથી, તે સાત જન્મ પર્યંત રોગી તથા નિર્ધન રહે છે. આ દિવસે તલના તેલ વડે શિવ મંદિરમાં ઉતમ દિપક દેવા તલ અને ચોખા વડે શિવની પૂજા કરવી ઉત્તમ રહે છે. વળી આ દિવસે શરીરમાં તલ વડે મર્દન કરી, કાળા તલ સાથે જળ વડે સ્નાન કરવું, તલનું દાન કરવું, તલનો હોમ કરવો અને તલનું ભક્ષણ કરવું, સફેદ તલ વડે દેવતાઓનું તર્પણ અને કાળા તલ વડે પિતૃનું તર્પણ કરવું મકર સંક્રાંતિને દિવસે મહાદેવ ઉપર ઘીનો અભિષેક કરવાથી મહાફળની પ્રાપ્તિ થાય છે.

સંક્રાંતિને દિવસે તલ મર્દન તલ સ્નાન અને તલ તર્પણ કરી મહાદેવને ગાયના ઘીનું મર્દન કરી શુદ્ધ જળ વડે સ્નાન કરાવી પછી વસ્ત્રાદિક સામગ્રી વડે પૂજા કરવી.

આ ઉપરાંત પુણ્યકર્મ કમાવવાની ઇચ્છાવાળાએ શ્રીસૂર્યનારાયણદેવને ગાયના દૂધથી સ્નાન કરાવવું (તાંબા સિવાયના વાસણથી અર્ધ્ય દેવો), ભૂદેવો(બ્રાહ્મણો), ગાય વગેરેને યથાશક્તિ દાન આપવું. આ દિવસે શ્રાધ્ધ પિંડરહિત કરવું.

પૂર્વાનુમાને મકરસંક્રાંતિ સાથે રહેલ વસ્તુ-વ્યક્તિ-પદાર્થ વગેરે મોંઘા થાય અથવા તેમને કષ્ટ રહે. મકરસંક્રાંતિ મૂર્તિ-સમૂદાય મુહૂર્ત-૩૦ સામ્યાર્ધ (સમધારણ) છે જેથી તમામ વિચાર કરતા આ સંક્રાંતિની અસરની દ્રષ્ટીએ અનેકાનેક ચીજો-વસ્તુઓ સમધારણ થવા પામી શકે ।

**ખાસ નોંધ: અહી આપવામાં આવેલ માહિતી ફક્ત પૂર્વાનુમાન આધારિત છે જેમને તંતોતંત સત્ય જ છે તેમ ન માનવું. આપવામાં આવેલ માહિતી ફળ મળી પણ શકે છે અને ન પણ મળે; જેમના માટે કોઈ પણ દ્રષ્ટીએ અમો જવાબદાર નથી.**

VYAS PANCHANG